**ધારાસભ્યશ્રીઓનો પ્રોટોકોલ જળવાય તે માટેની સ્થાયી સૂચનાઓ**

*15/4/2278: **શ્રી અમિતભાઈ ચાવડા** (આંકલાવ)**: માનનીય પ્રોટોકોલ મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે:-

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા.૨૦/૦૨/૨૦૨૩ની સ્થિતિએ ધારાસભ્યોનો પ્રોટોકોલ જળવાય તે માટેની સરકારની સ્થાયી સૂચનાઓ અમલમાં છે કે કેમ, | (૧) | હા, જી |
| (૨) | જો હા, તો ઉક્ત સ્થાયી સૂચનાઓ હોવા છતાં ઉક્ત સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં ધારાસભ્યોનો પ્રોટોકોલ ના જળવાતો હોવા અંગેની કેટલી ફરીયાદો સરકારને મળી, અને | (૨) | ૧૩ (તેર) |
| (૩) | મળેલ ફરીયાદો અંગે શી કાર્યવાહી કરવામાં આવી | (૩) | સામેલ પત્રક મુજબ |

-------------------

**પત્રક**

| ક્રમ | માન.ધા.સ.શ્રીનું નામ | કરેલ કાર્યવાહી |
|---|---|---|
| 1 | માન.ધારાસભ્યશ્રી અશ્વિન કોટવાલ<br><br>તા.૧૭–૦૩–૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૦૩–૦૫–૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા શિક્ષણ વિભાગ તથા કલેકટરશ્રી, સાબરકાંઠાને જણાવેલ છે |
| 2 | માન.ધારાસભ્યશ્રી જસુભાઈ પટેલ<br><br>તા.૦૮–૦૬–૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૨૯–૦૬–૨૦૨૧ પત્રથી મિનિસ્ટ્રી ઑફ પર્સોનલ, પબ્લિક ગ્રીવન્સીસ એન્ડ પેન્શન, ડીપાર્ટમેન્ટ ઓફ પર્સોનલ એન્ડ ટ્રેનીંગના તા.૦૧/૧૨/૨૦૧૧ ના ઓફીસ મેમૉરેન્ડમની ગાઈડલાઈનની અમલવારી કરવા સારૂ અત્રેના તા.૦૫/૧૧/૨૦૧૯ ના પત્રથી સર્વે જિલ્લા કલેકટરશ્રીઓને જણાવેલ છે.<br><br>ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા કલેકટરશ્રી, અરવલ્લીને જણાવેલ છે. |
| 3 | માન.ધારાસભ્યશ્રી અશ્વિન કોટવાલ<br><br>તા.૨૭/૦૬/૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૩૧–૦૭–૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે આમંત્રણ આપવા માટે સરકારશ્રીની વખતોવખતની સૂચનાઓનું પાલન થાય તથા કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલયને તથા કલેકટરશ્રી, અરવલ્લીને સૂચના આપેલ છે તેમ જણાવેલ છે. |
| 4 | માન.ધારાસભ્યશ્રી વિરજી ઠુંમર<br><br>તા.૨૯/૦૬/૨૦૨૧. | સા.વ.વિ.ના તા.૩૧–૦૭–૨૦૨૧ પત્રથી માન.ધારાસભ્યશ્રી દ્વારા જે રજૂઆત કરવામાં આવેલ છે તે માર્ગ અને મકાન વિભાગને સંબંધિત હોઇ સદર બાબત માર્ગ અને મકાન વિભાગને તબદીલ કરવામાં આવે છે. |
| 5 | માન.ધારાસભ્યશ્રી<br><br>નૌશાદ સોલંકી<br><br>તા.૧૬/૦૯/૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮–૧૦–૨૦૨૧ પત્રથી સરકારી કાર્યક્રમમાં માન.ધારાસભ્યશ્રી તરીકેના પદની ગરીમાને ઠેસ પહોંચાડી વૉરંટ ઓફ પ્રેસીડેન્સનું વારંવાર ઉલ્લંઘન કરવા બાબતની રજૂઆત અન્વયે પ્રસ્તુત બાબતનો હકીકતલક્ષી અહેવાલ અત્રે મોકલી આપવા જણાવેલ છે.<br><br>– કલેકટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯/૦૧/૨૦૨૨ ના પત્રથી મોકલેલ અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેકટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઇપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br><br>– સા.વ.વિ.ના તા.૦૨–૦૨–૨૦૨૨ આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેકટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| 6 | માન.પરેશ ધાનાણી,<br><br>વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા<br><br>તા.૨૪/૦૯/૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮–૧૦–૨૦૨૧ પત્રથી સરકારી કાર્યક્રમમાં માન.ધારાસભ્યશ્રી તરીકેના પદની ગરીમાને ઠેસ પહોંચાડી વૉરંટ ઓફ પ્રેસીડેન્સનું વારંવાર ઉલ્લંઘન કરવા બાબતની રજૂઆત અન્વયે પ્રસ્તુત બાબતનો હકીકતલક્ષી અહેવાલ અત્રે મોકલી આપવા જણાવેલ છે.<br><br>– કલેકટરશ્રી, સુરેન્દ્રનગરના તા.૨૯/૦૧/૨૦૨૨ ના પત્રથી મોકલેલ |

| | | |
|---|---|---|
| | | અહેવાલમાં જણાવ્યા મુજબ જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી તથા કલેકટરશ્રી, સુરેન્દ્રનગર દ્વારા હવે પછીના આયોજિત કોઇપણ સરકારી કાર્યક્રમમાં પ્રોટોકોલ મુજબ દરેક ચૂંટાયેલ જનપ્રતિનિધિઓનું યોગ્ય સન્માન જાળવવા તથા તે મુજબની બેઠક વ્યવસ્થા રાખવાની ખાતરી આપેલ છે.<br><br>– સા.વ.વિ.ના તા.૦૨–૦૨–૨૦૨૨ આવા બનાવો ભવિષ્યમાં ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે તકેદારી રાખવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેકટરશ્રી સુરેન્દ્રનગરને સૂચના આપેલ છે. |
| 7 | માન.ધારાસભ્યશ્રી સુનીલભાઈ ગામીત<br>તા.૨૭/૦૯/૨૦૨૧ | સા.વ.વિ.ના તા.૧૮–૧૦–૨૦૨૧ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો ધારાસભ્યશ્રી તરીકેનો વિશેષાધિકાર ભંગ ન થાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તે અંગે તકેદારી રાખવા જણાવવામાં આવેલ છે. |
| 8 | માન.સુખરામ રાઠવા,<br><br>વિરોધપક્ષના નેતાશ્રી, ગુજરાત વિધાનસભા<br><br>તા.૩૦/૧૨/૨૦૨૧ | – સા.વ.વિ.ના તા.૨૪–૦૧–૨૦૨૨ પત્રથી સરકારી કાર્યક્રમોમાં જનપ્રતિનિધિશ્રીનો પ્રોટોકોલ જાળવવા બાબતના અત્રેના તા.૨૮/૧૦/૨૦૨૧ ના સંકલિત પરિપત્રથી તથા તા.૨૯/૧૦/૨૦૨૧ના પરિપત્રથી તેમજ ભારત સરકારના તા.૦૧/૧૨/૨૦૧૧ ના ઑફીસ મેમોરેન્ડમ તથા ૧૯/૧૧/૨૦૧૪ ના પત્રથી વિગતવાર સૂચનાઓ મુજબ કાર્યવાહી કરવા તથા ભવિષ્યમાં આવા બનાવ ન બને તેની તકેદારી રાખવા સહીતની નિયમોનુસારની કાર્યવાહી કરવા કલેકટરશ્રી, આણંદને જણાવેલ છે. |
| 9 | શ્રી કાળાભાઈ રઈજીભાઈ ડાભી, માન.ધારાસભ્ય (કપડવંજ)<br><br>તા.૧૦/૦૧/૨૦૨૨ | સા.વ.વિ.ના તા.૩૧–૦૧–૨૦૨૨ પત્રથી આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ પાસેથી માન.ધારાસભ્યશ્રીની સદર રજૂઆત પરત્વેનો હકિકતલક્ષી અહેવાલ મંગાવેલ છે.<br><br>માન.ધારાસભ્યશ્રીનું નિવેદન માં જણાવ્યા મુજબ ડો.સૌરભ શાહ આ કિસ્સામાં કોઈપણ રીતે સંડોવાયેલા જણાતા નથી. માન.ધારાસભ્યશ્રીને તેઓના સ્થાનિક કાર્યકરોએ ખોટી માહિતી આપી તેનાથી પ્રેરાઈને માન.ધારાસભ્યશ્રીએ શરતચૂકથી ઉતાવળે પત્ર લખ્યો હતો. માન.ધારાસભ્યશ્રીને પાછળથી જણાવ્યા મુજબ સદરહુ કાર્યક્રમ કઠલાલના સ્થાનિક આગેવાનોએ ઘરમેળે યોજ્યો હતો. તેથી માન.ધારાસભ્યશ્રીને ખાતરી થતાં માન.ધારાસભ્યશ્રીએ ઉપરોક્ત બાબત અંગે લખેલ પત્ર દફ્તરે કરવા વિનંતી કરેલ છે.<br><br>આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ૦૧–૦૩–૨૦૨૩ ના પત્રથી રજૂ થયેલ હકીકતલક્ષી અહેવાલ તેમજ માન.ધારાસભ્યશ્રીનું નિવેદન ધ્યાને લઈ સદર પ્રકરણ દફ્તરે કરેલ છે. |
| 10 | શ્રી વિરજીભાઈ ઠુંમર<br><br>માન.ધારાસભ્ય (લાઠી–બાબરા)<br><br>તા.૧૦/૦૧/૨૦૨૨ | સા.વ.વિ.ના તા.૨૬–૦૭–૨૦૨૨ પત્રથી ભવિષ્યમાં આવા બનાવો ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવા તથા રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી કરવા કલેકટરશ્રી, અમરેલીને જણાવેલ છે. |
| 11 | શ્રીમતી સંતોકબેન આરેઠીયા, માન.ધારાસભ્ય (રાપર)<br><br>તા.૨૫/૦૭/૨૦૨૨ | સા.વ.વિ.ના તા.૩૦–૦૧–૨૦૨૩ પત્રથી જિલ્લામાં સરકારી કાર્યક્રમો યોજાય ત્યારે કાર્યક્રમમાં આવનાર જનપ્રતિનિધિશ્રીનો સરકારી પ્રોટોકોલ જળવાય તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને તેની તકેદારી રાખવા તેમજ રાજ્ય સરકારની સ્થાયી સૂચનાઓ અનુસાર યોગ્ય કાર્યવાહી સંબંધિતોને જરૂરી સૂચના આપવા કલેકટરશ્રી કચ્છને જણાવેલ છે. |
| 12 | શ્રી પૂજાભાઈ વંશ, ચેરમેન, જાહેર હિસાબ સમિતિ, ગુજરાત વિધાનસભા | સા.વ.વિ.ના તા.૦૧–૦૯–૨૦૨૨ પત્રથી ચેરમેનશ્રી, જાહેર હિસાબ સમિતિ, ગુજરાત વિધાનસભાની રજૂઆત પરત્વે જવાબદાર તમામ સામે કાયદેસરની કાર્યવાહી થવા તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને અને પ્રોટોકોલ ભંગ ન |

| | | |
|---|---|---|
| | તા.૨૮/૦૭/૨૦૨૨ | થાય તે માટે જરૂરી કાર્યવાહી કરવા અગ્ર સચિવશ્રી, ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગને જણાવેલ છે. |
| 13 | શ્રી કુંવરજી બાવળીયા,<br>માન.ધારાસભ્ય (જસદણ)<br>તા.૦૩/૦૯/૨૦૨૨ | સા.વ.વિ.ના તા.૨૭-૦૯-૨૦૨૨ પત્રથી નિયમોનુસારની કાર્યવાહી કરવા તથા ભવિષ્યમાં આવા બનાવો ન બને અને પ્રોટોકોલ ભંગ ન થાય તે માટે સંબંધિતોને જરૂરી સૂચના આપવા અધિક મુખ્ય સચિવશ્રી, મહેસૂલ વિભાગ તથા અધિક મુખ્ય સચિવશ્રી, પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગને જણાવેલ છે. |